Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડકટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૩૩ ● સળંગ અંક : ૧૦૭૧ ● પ્રકાશિત તા-૧૮-૬-૨૦૨૫,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

### સરકાર-મંદિર ટ્રસ્ટીઓની બેઠકમાં લેવાઈ શકે છે અંતિમ નિર્ણય

# અમદાવાદમાં જગન્નાથની રથયાત્રા સાદગીપૂર્ણ રીતે યોજવાની સંભાવના..!!



અમદાવાદ : અમદાવાદમાં આગામી ૨૭ જૂનના રોજ ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાવાની છે. તાજેતરમાં અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટનામાં ૨૫૦થી વધુ લોકોનાં મૃત્યુ થયાં છે, એટલે ચાલુ વર્ષે ભગવાન જગન્નાથની રથયાત્રા સાદગીપૂર્ણ રીતે કાઢવામાં આવે એવી સંભાવના છે, એવું અહેવાલો જણાવી રહ્યા છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, તાજેતરમાં અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટનામાં ૨૫૦થી વધુ લોકોનાં મૃત્યુ થયાં છે, એટલે ચાલુ વર્ષે ભગવાન જગન્નાથની રથયાત્રા સાદગીપૂર્ણ રીતે કાઢવામાં આવે એવી સંભાવના છે, રથયાત્રા માત્ર ભગવાન જગન્નાથ, સુભદ્રા અને બલભદ્રના રથ તથા પ્રસાદની ટ્રક સાથે નીકળે એવી શક્યતા છે. રાજ્ય સરકાર અને જમાલપુર જગન્નાથ મંદિરના મહંત તેમજ ટ્રસ્ટીની સાથે બેઠક કર્યા બાદ આ મામલે નિર્ણય લેવામાં આવી શકે છે.

જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજે જણાવ્યું હતું કે આ મામલે રાજ્ય સરકાર સાથે ચર્ચા કરવામાં આવશે. યાત્રાને લઈને રાજ્ય સરકાર અને ઉચ્ચ અધિકારીઓ સાથે હજી બેઠક કરવાની બાકી છે. એ બેઠક કર્યા બાદ રથયાત્રા કેવી રીતે કાઢવી એને લઈને નિર્ણય કરવામાં આવશે. મંદિર પ્રશાસન તરફથી દર વર્ષે જે રીતે પરંપરા મુજબ રથયાત્રા નીકળે છે એ મુજબ તૈયારીઓ કરવામાં આવી છે.

રથના ખલાસીઓ સાથે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બેઠક કરી દેવામાં આવી છે. એમાં રથયાત્રા દરમિયાન કોઈપણ પ્રકારની ઘટના ન બને એ મુજબ શાંતિપૂર્ણ રીતે અને ઓછા લોકો રથ ખેંચવા માટે જોડાય એ રીતનું આયોજન કરવામાં આવ્યું છે. રથ ખેંચવા માટે ૧૨૦૦ ખલાસી જોડાતા હોય છે ત્યારે આયોજનબદ્ધ રીતે અને રથ ચલાવતા દરમિયાન ઓછી ભીડ થાય એમ આયોજન કરવામાં આવશે.

# શહેરમાં ઓટોરીક્ષામાં ફલેગ મીટરો શોભાના ગાંઠિયા સમાન

### ઉચ્ચક ભાડાનો આગ્રહ રાખતા રીક્ષાચાલકો પેસેન્જરોનો વાંક નીકાળે છે

અમદાવાદ : અમદાવાદ શહેરમાં એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે પબ્લિક ટ્રાન્સપોર્ટની સાથેસાથે લોકો ઓટોરીક્ષાનો પણ મહત્તમ ઉપયોગ કરે છે. શહેરમાં વાહન વ્યવહાર વિભાગના નવા નિયમ પ્રમાણે રીક્ષાઓમાં “ફલેગ મીટર” અર્થાત્ રીક્ષા ડ્રાઈવરની ડાબી બાજુ એક મીટર લગાવાય છે. તેમાં કીલોમીટર- પ્રાઈસ સહિતની જરૂરી વિગતો આવતી હોય છે રીક્ષા ઉપડે ત્યારે પેસેન્જરે મીટર ડાઉન કરીને બેસવાનું રહે છે. પછી મીટર ચાલુ રહે છે પરંતુ પેસેન્જરને મીટર પરથી ખ્યાલ આવે છે કે રીક્ષા કેટલા કીલોમીટર ચાલી રહી છે વળી તેની સાથે કિંમત પણ આવી જાય છે. પેસેન્જર પોતાના ગંતવ્ય સ્થાને પહોંચે એટલે મીટરમાં જોઈને પૈસા ચૂકવવાની સરળ પધ્ધતિ અમલમાં આવી હોવા છતાં મોટાભાગના રીક્ષાવાળાઓના મીટર બંધ હાલતમાં જોવા મળે છે. રીક્ષાવાળા નીચેની તરફ પગ આગળ આવેલ મીટરનો ઉપયોગ કરે છે. આ અંગે કેટલાક રીક્ષાવાળાઓને આડકતરી રીતે પૂછતા તેમણે જણાવ્યુ હતું કે પેસેન્જરો જ આ નવા મીટરનો ઉપયોગ કરવાની ના પાડે છે. જોકે રીક્ષાવાળાઓનો આ તર્ક કેટલો સાચો છે તે અલગ વાત છે. પરંતુ અમદાવાદ શહેરમાં રીક્ષામાં ફલેગ મીટરનો ઉપયોગ ઓછો થાય છે. ઓટો રીક્ષાવાળા જણાવે છે કે અમારે તો મીટર માટેનો ખર્ચો માથે પડયો છે જોકે તેની સાથે સાથે હવે અમદાવાદમાં ઉચ્ચક ભાડાની પ્રથા જાણે કે અમલમાં આવી ગઈ છે અમદાવાદના પોશ ગણાતા વિસ્તારોમાંના એક મણીનગરમાં મીટર હોવા છતા રીક્ષાચાલકો ઉચ્ચકભાડા વસૂલતા હોવાનું ધ્યાન પર આવ્યુ છે તેમાંય એ લોકો પેસેન્જરનો વાંક કાઢે છે તેઓ જણાવે છે કે પેસેન્જરો મીટર નહી પરંતુ ઉચ્ચકભાડાનો આગ્રહ રાખે છે. ખરેખર તો આમાં કોણ-કોને ઉલ્લુ બનાવે છે તે અલગ વાત છે. પરંતુ જાણે કે ફલેગ મીટરો શહેરમાં શોભાના ગાંઠિયા બની ગયા હોય તેવી પ્રતિતી થઈ રહી છે. સામે પક્ષે ઘણી મોટી સંખ્યામાં રીક્ષાવાળા એવા પણ હશે જે નિતિ નિયમોનું પૂર્ણ રીતે પાલન કરતા જોવા મળશે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે,
સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં,નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

ADMISSION OPEN for JUNE 2025 (ધો-૧ થી ૧૨)
(Limited Seats Available)
ગુજરાતી માધ્યમ (માધ્યમિક વિભાગ)
હિન્દી માધ્યમ
લાયોનેસ કર્ણાવતી એમ.એચ.હિન્દી હાયર સેકન્ડરી સ્કુલ
પ્રવેશ માટે સંપર્ક કરો
ગણેશ કન્યા વિદ્યાલય
એમ.એચ.હિન્દી પ્રાઈમરી સ્કૂલ
મંગૂબા બાલવર્ગ
Ganesh Kanya Vidyalaya Campus, Nava Vadaj..
સંચાલકશ્રી ડો. અનિતાબેન પટેલ
કેમ્પસની એક મુલાકાત આપનો અભિગમ બદલી શકે છે.
આચાર્યશ્રી દિપકભાઈ પ્રેમજીભાઈ પટેલ
વધુ માહિતી માટે ઓફીસ ખાતે રૂબરૂ સંપર્ક આવકાર્ય છે (સવારે ૮ થી ૧૧)
નવા વાડજની એકમાત્ર અને સર્વશ્રેષ્ઠ હિન્દી માધ્યમની શાળા

Dr. RAVI'S Diabetes & Endocrinology Centre
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Ravi Shah
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
SUPER SPECIALIST DOCTOR FOR DIABETES, THYROID, AND OBESITY
- Type 1 & Type 2 Diabetes In People Of All Ages
- Diabetes Complications Management
- Type 1 Diabetes, Insulin Pump & Continuous Glucose Monitoring
- All Types Of Thyroid Disorders
- Diabetes And Thyroid Problems In Children And During Pregnancy
- Pcos ( Polycystic Syndrome)
- Short Height And Pubertal Disorders In Children

DR.RAVI SHAH
MD (Medicine),DM (Endocrinology),
MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
Morning: 8:30 AM to 9:30 AM
Evening: 4:00 AM to 8:00 PM

Dr. SHIKHA'S Skin Clinic
SKIN · HAIR · LASERS · AESTHETICS
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Shikha Shah
MD (Gold Medalist), DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
Specialist in Skin and Hair Problems
- Skin diseases like eczema, vitiligo psoriasis, fungal infections
- Pimples and Acne Treatment
- Pigmentation / Dark Spots
- Laser Hair Removal
- Anti-aging, Peels, Botox, Fillers
- Hair Fall Solutions Derma Roller, PRP, GFC Treatments
- Pediatric skin diseases

DR.SHIKHA SHAH
MD (Gold Medalist)
DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
OPD Timing: Evening 5 PM to 8 PM

For Appointment : 97370 54800
Shivalik Square, 301-C, Nr. Adani CNG Station, Ramapir Thekra, Nava Vadaj, Ahmedabad, Gujarat 380013

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## સામાન્ય વરસાદમાં પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં મુકાયા

# નવા વાડજમાં નીલધારા કોમ્પ્લેક્ષ બની જાય છે જલધારા કોમ્પ્લેક્ષ

અમદાવાદ : અમદાવાદમાં ફરી એકવાર નજીવા વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી-પાણી થઈ ગયું છે. શહેરના નવા વાડજ વિસ્તારમાં આવેલા વ્યાસવાડી ચાર રસ્તા પાસે આવેલ નીલધારા કોમ્પ્લેક્ષમાં તો હાલત એવી થઈ જાય છે કે સામાન્ય વરસાદમાં પણ કોમ્પલેક્ષમાં ઘૂંટણ સમું પાણી ભરાઈ જાય છે. આ પાણીના ભરાવાના કારણે સ્થાનિક વેપારીઓ અને લોકોની મુશ્કેલીઓમાં વધી જાય છે.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના નવા વાડજ વિસ્તારમાં આવેલ સૌથી જુના અને પબ્લિકથી ભરચક એવા નીલધારા કોમ્પલેક્ષમાં ચોમાસામાં એટલું પાણી ભરાયું જાય છે કે ગ્રાહકો કે બહારના લોકો આવી શકતા નથી. આ કોમ્પલેક્ષમાં સવાર સાંજ મોટી સંખ્યામાં ફુડની દુકાનો હોવાને કારણે લોકોની અવરજવર વધી જાય છે. સામાન્ય વરસાદમાં પણ ઘુંટણીયા સુધી પાણી ભરાઈ જતા હોવાને કારણે બહારથી આવવાનું અને કોમ્પલેક્ષમાંથી



બહાર નીકળવું મુશ્કેલ બની જાય છે. જેના કારણે બહાર રોડ બાઈક, અને કારની લાઈનો લાગે છે. કેટલાય વાહનચાલકો તો મહામુશ્કેલીએ કોમ્પલેક્ષમાં ભરાયેલ પાણીમાંથી પસાર થતા હોય છે તો કેટલાંયનાં વાહનો તો પાણીમાં બંધ પડી ગયા હોવાની ફરિયાદો ઉઠી છે.જેને કારણે વેપારીઓ નારાજ હોવાનું જાણવા મળ્યુ છે.

સ્થાનિક વેપારીઓનું કહેવું છે કે, આ સમસ્યા નવી નથી. દર વર્ષે ચોમાસું આવે ત્યારે નીલધારા કોમ્પલેક્ષ અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ઊભી થાય છે. વેપારીઓએ આક્ષેપ કર્યા છે કે, “અમે ઘણી વખત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રજૂઆત કરી છે. ડ્રેનેજ સિસ્ટમ સુધારવાની માગણી કરી છે પણ કોઈ ધ્યાન આપતું નથી. દર વર્ષે આવા જ હાલત થાય છે." અહીં નોંધનીય બાબત છે કે, ભાજપના નેતા જે આ વિસ્તારના સ્થાનિક પણ છે તેમણે કોર્પોરેશનના તંત્રને અનુરોધ કર્યો છે કે અમદાવાદ શહેરમાં આવા અનેકો કોમ્પ્લેક્સ છે જેના પાર્કિંગ અને બેઝમેન્ટમાં આવી પરિસ્થિતિ સર્જાઈ હશે તો તેનો તાગ મેળવવો જોઈએ અને વહેલી તકે આવી સમસ્યામાંથી નિરાકરણ તંત્રએ લાવવું જોઈએ. જેથી લોકોના આરોગ્ય સાથે ચેડા ના થાય. કારણ કે હવે વરસાદનો સિઝન છે ત્યારે વરસાદના કારણે પણ પાણી ભરવાની સમસ્યા સર્જાશે.

## નવા વાડજની આ શાળાની અનોખી પહેલ

# શ્રેષ્ઠ પ્રદર્શન માટે શિક્ષકો અને વિદ્યાર્થીઓનું કરાયું સન્માન

અમદાવાદ : વિદ્યાર્થીના જીવનઘડતરમાં માતા-પિતા પછી શિક્ષકનું સ્થાન છે. એક શિક્ષકે આપેલું જ્ઞાન અને સંસ્કાર કોઈ પણ વ્યક્તિના જીવનના અંત સુધી ચિરંજીવ પ્રભાવ જારી રાખે છે.નવા વાડજમાં આવેલ લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હાયર સેકન્ડરી સ્કૂલમાં શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૦૨૫ માટે વિવિધ અલગ અલગ શ્રેણીઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે શિક્ષકો અને વિદ્યાર્થીઓનું સન્માન સમારંભ યોજાઈ ગયો.કાર્યક્રમની અધ્યક્ષતા શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિતાબેન પટેલ અને આચાયશ્રી દીપકભાઈ પટેલે કરી અને મુખ્ય મહેમાન તરીકે સંસ્થાના નિયામક કુસુમબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, નવા વાડજમાં આવેલ લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હાયર સેકન્ડરી સ્કૂલમાં શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૦૨૫ માટે વિવિધ અલગ અલગ શ્રેણીઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે શિક્ષકો અને વિદ્યાર્થીઓનું સન્માન સમારંભ યોજાયો, જેમાં વિદ્યાર્થીઓને “બેસ્ટ નોટ કીપર” (શ્રેષ્ઠ નોંધ રાખનાર ), “બેસ્ટ એકેડેમિક”(શ્રેષ્ઠ શૈક્ષણિક શોધ), “સ્વચ્છાગ્રહી”,



“સત્યપ્રિય”, “દૃઢ મનોબળ ધરાવનાર ”, “બેસ્ટ ક્રિએટર( શ્રેષ્ઠ સર્જક )”, “સદૈવ નિયમિત” જેવી શ્રેણીઓમાં પુરસ્કારો આપવામાં આવ્યા હતા.

આ ઉપરાંત શિક્ષાકોને “SMART AND HIGH IMPACT ACTIVE PERSON AWARD”, “BEST CREATOR કર્મયોગી પુરસ્કાર”, “BEST DIGITAL CREATOR AWARD” અને “BEST TEACHER AWARD” જેવી કેટેગરીઝમાં સન્માનિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે શાળાના આચાયશ્રી દીપકભાઈ પટેલે જણાવ્યું હતું કે દરેક વિદ્યાર્થી ભગવાનની એક અનોખી રચના છે અને તેમાં કંઈક વિશેષ હોય છે જે તેને ખાસ બનાવે છે. એ જ રીતે એક ઉત્તમ શાળાએ વિવિધ ક્ષેત્રે કુશળ કર્મચારીઓની શ્રેષ્ઠ ટીમ હોય છે. આ ટીમને ધ્યાનમાં રાખીને મેનેજમેન્ટ દ્વારા દરેક શિક્ષકની અંદર છૂપાયેલી કાર્યક્ષમતાને માન આપીને તેને સન્માનિત કરવામાં આવ્યા, જેના પરિણામે આખું શાળાપ્રેમી પરિવાર વધુ ઉત્તમ કાર્ય માટે પ્રેરિત થયો.

આ પ્રસંગે શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિતાબેન પટેલે જણાવ્યું હતું કે એક ઉક્તિ છે કે આપણે પ્રશંસા, આશા અને ઉત્સાહથી જીવીએ છીએ, એ પ્રમાણે શાળાની મેનેજમેન્ટનો વિચાર કે “જેના કાર્યની પ્રશંસા કરવામાં આવે તે વ્યક્તિ ચોક્કસપણે વધુ શ્રેષ્ઠ કાર્ય કરવા માટે પ્રેરિત થાય છે”, તે સાચા અર્થમાં યોગ્ય દિશામાં કામગીરી કરશે એવી આશા છે.













### અનેક રેસિડેન્શિયલ પ્રોજેક્ટ વેચાયા વિના પડ્યા છે...

# અમદાવાદમાં રિયલ એસ્ટેટમાં મંદીનો દૌર..!!

**શહેરના થલતેજ, સિંધુભવન અને ઈસ્કોન-આંબલી જેવા વિસ્તારોમાં પણ ૬૬ ટકા રેસિડેન્શિયલ પ્રોજેક્ટ્સ વેચાયા વગરના પડ્યા હોવાનુ કહેવાય છે.તો બીજી તરફ પશ્ચિમના નવા વાડજ, રાણીપ, નારણપુરા સહિતના વિસ્તારોમાં રીડેવલપમેન્ટ પ્રોજેકટમાં નવા બનાવેલ યુનિટો પણ વેચતા દમ આવી ગયો હોવાનું સુત્રો જણાવી રહ્યાં છે...**

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદઃ ગુજરાતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં છેલ્લા ઘણા વખતથી મંદીનો દૌર ચાલી રહ્યો છે. જેમાં અમદાવાદ શહેરમાં અનેક રેસિડેન્ટ પ્રોજેક્ટ્સ વેચાયા વગરના પડ્યા છે.શહેરી વિસ્તારોમાં જમીનોના ભાવ આસમાને છે. અને બિલ્ડિંગ મટિરિયલ્સ કોસ્ટમાં પણ અસામાન્ય વધારો થયો છે. તેના લીધે બે રૂમ-રસોડાના ફ્લેટની કિંમત ૪૦થી ૫૫ લાખ બોલાય રહી છે. ત્યારે અસહ્ય મોંઘવારીમાં સામાન્ય અને મધ્યમ વર્ગને માટે ફ્લેટ ખરીદવો મોંઘો પડી રહ્યો છે. બીજીબાજુ કેટલાક નવાસવા બિલ્ડરોએ લોન લઈને રેસિડેન્ટ પ્રોજેક્ટ બનાવી દીધા છે. ત્યારે ફ્લેટ્સ ન વેચાતા આવા બિલ્ડરો કફોડી હાલતમાં મુકાયા છે.

રિયલ એસ્ટેટ સેક્ટરમાં મંદીની વ્યાપક અસર જોવા મળી રહી છે, જેના કારણે અમદાવાદ સહિત મહાનગરોમાં પ્રોપર્ટીના વેચાણમાં તીવ્ર ઘટાડો થયો છે. તેમાં પણ મંદીનો સૌથી વધુ માર અમદાવાદના રિયલ એસ્ટેટ પર પડ્યો છે. વેચાણ ઘટવાના કારણે બિલ્ડર્સ નવા રેસિડેન્શિયલ અને રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટ્સ શરૂ કરવા પ્રત્યે ઉદાસીન બન્યા છે. શહેરના થલતેજ, સિંધુભવન અને ઈસ્કોન-આંબલી જેવા વિસ્તારોમાં પણ ૬૬ ટકા રેસિડેન્શિયલ પ્રોજેક્ટ્સ વેચાયા વગરના પડ્યા હોવાનુ કહેવાય છે.તો બીજી તરફ પશ્ચિમના નવા વાડજ, રાણીપ, નારણપુરા સહિતના વિસ્તારોમાં રીડેવલપમેન્ટ પ્રોજેકટમાં નવા બનાવેલ યુનિટો પણ વેચતા દમ આવી ગયો હોવાનું સુત્રો જણાવી રહ્યાં છે.

શહેરમાં રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા સૂત્રોના કહેવા મુજબ શહેરના પોશ વિસ્તાર ગણાતા થલતેજ, સિંધુભવન અને ઈસ્કોન-આંબલી વિસ્તાર જ નહીં પરંતુ શહેરના ઘણા વિસ્તારોમાં અનસોલ્ડ ઈન્વેન્ટરી એટલે કે વેચાયા વગરનો પૂરવઠો વધી રહ્યો છે. ઘણા પ્રોજેક્ટ્સ પૂરા થઈ ગયા છે પરંતુ તેનું વેચાણ થઈ રહ્યું નથી. મોટાગજાના બિલ્ડરોને કોઈ મુશ્કેલી નથી પણ નાના બિલ્ડરો મુશ્કેલીમાં મુકાયા છે. હાઈ બ્રોકેરજ ઓફર કરવામાં આવી રહ્યું હોવા છતાં બિલ્ડર્સ ઘર વેચવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. કેટલાક એક્સ્પર્ટ્સનું કહેવું છે કે શહેરમાં વેચાયા વગરનો પૂરવઠો ૪૫ ટકા જેટલો છે, એટલે કે અડધો અડધ પ્રોજેક્ટ્સ વેચાયા વગરના છે. બીજીબાજુ રિયલ એસ્ટેટમાં રોકાણ કરનારા ફાયનાન્સરો પણ નિરસ બન્યા છે. હાલની સ્થિતિમાં કોઈ જોખમ લેવા માગતા નથી.

રીડેવલપમેન્ટ એસો.ના સૂત્રોના કહેવા મુજબ રેસિડેન્સિયલ સેગ્મેન્ટમાં પૂરવઠો વધારે પડતો થઈ ગયો છે અને તેથી રીડેવલપમેન્ટ સ્કીમ્સ સાથે સંકળાયેલા ઘણા બિલ્ડર્સ હવે વિચારી રહ્યા છે કે તેમણે વધુ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ લેવા જોઈએ કે નહીં. રિયલ એસ્ટેટ સેક્ટરમાંમંદી છે અને જંત્રીના દરના કારણે સમગ્ર પ્રોજેક્ટની કોસ્ટને અસર પડી છે. લિક્વિડિટીના મુદ્દાઓ પણ ખરીદદારોના સેન્ટિમેન્ટને અસર કરી રહ્યા છે જેના કારણે રેસિડેન્શિયલ એકમોનું વેચાણ ધીમું થઈ રહ્યું છે.

બિલ્ડર્સ અને ડેવલોપર્સના કહેવા મુજબ રિયલ એસ્ટેટ સેક્ટરમાં વેગ આપવા માટે સરકારની સહાયની જરૂર છે. રિયલ એસ્ટેટ સેક્ટરમાં મંદીનો માહોલ છે. અને તેમાં પણ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ માટે સરકારના ઓછા સપોર્ટના કારણે પરિસ્થિતિ વધારે ખરાબ બની છે. જો ગુજરાત સરકાર રિડેવલપમેન્ટ સ્કીમ્સ પરના ટેક્સમાં ઘટાડો કરે અથવા તો તેને દૂર કરે, તો બિલ્ડર્સ આવા વધારે પ્રોજેક્ટ્સ પર કામ કરવા માટે તૈયાર છે, કેમ કે રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ ગુંચવણ ભરેલા હોય છે અને તેમાં વધારે રિટર્ન પણ મળતું નથી.

### સંપત્તિનું રજિસ્ટ્રેશન અને માલિકી વચ્ચે અંતર : સુપ્રીમની સ્પષ્ટતા

# માત્ર સંપત્તિનું રજિસ્ટ્રેશન કરાવી લેવાથી માલિક ના બની શકો : સુપ્રીમ

**માલિક બનવા રજિસ્ટ્રેશન ઉપરાંત પઝેશન લેટર, ટેક્સની રસીદ, એનઓસી, ટાઈટલ ડીડ સહિતના દસ્તાવેજો પણ જરૂરી**

અમદાવાદ : સંપત્તિની નોંધણી અને માલિકી અંગે સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. અત્યાર સુધી એવી ધારણા હતી કે જો સંપત્તિની નોંધણી થઈ જાય તો તેનાથી પુરો માલિકી હક મળી જાય છે. મિડીયા રિપોર્ટ મુજબ, જો કે સુપ્રીમ કોર્ટે એક મામલામાં સ્પષ્ટતા કરી છે કે સંપત્તિની નોંધણી કરાવી લેવા માત્રથી આપમેળે તેના માલિક નથી બની જવાતું. સુપ્રીમકોર્ટના આ ચુકાદાથી અસર સંપત્તિના માલિકો, કાયદાના વ્યવસાય સાથે જોડાયેલા તેમજ રીએલ એસ્ટેટ ક્ષેત્રમાં વ્યાપક પ્રમાણમાં થઈ શકેછે. સુપ્રીમ કોર્ટ સંપત્તિના મામલામાં સ્પષ્ટતાકરતા કહ્યું હતું કે સંપત્તિની નોંધણી માલિકીનો હક્ક મેલવવાની પ્રક્રિયાનો એક હિસ્સો છે, પરંતુ માત્ર નોંધણી કરાવી લેવાથી માલિકી હક નથી મળી જતો. રજિસ્ટ્રેશનનો મતલબ કાયદેસર કબ્જો કે સંપત્તિ પર કન્ટ્રોલ નથી થતો. માલિકી સંપત્તિના ઉપયોગનો કાયદેસર અધિકાર આપે છે. જે બાદ સંપત્તિને ટ્રાન્સફર કરી શકાય કે વેચી શકાય છે. અગાઉ એવી ધારણા હતી કે મત્ર સંપત્તિની નોંધણીથી જ તેના પર માલિકીનો અધિકાર મળી જાય છે. પજેશન લેટર, ટેક્સની રસીદ સહિતના તમામ દસ્તાવેજો પણ જરૂરી છે તેવી સુપ્રીમે સ્પષ્ટતા કરી હતી. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટતા કરી છે કે માત્ર રજિસ્ટ્રેશન (નોંધણી)થી સંપત્તિની માલિકીનો અધિકાર નથી મળી જતો, માલિકીસાબિત કરવા અન્ય દસ્તાવેજોની પણ જરૂર રહે છે. સંપત્તિના માલિક બનવા માટે નોંધણી દસ્તાવેજો જરૂરી છે જ પરંતુ તેની સાથે સંપત્તિના હસ્તાતરણ એટલે કે મિલકતનો કબ્જો મેળવવાનું પ્રમાણ, સંપત્તિના ટેક્સની ભરપાઈની રસીદ અને અન્ય વિબાગો પાસેથી એનઓસી મેળવવું પણ જરૂરી છે. સુપ્રીમ કોર્ટેસ્પષ્ટતા કરી છે કે માત્ર રજિસ્ટ્રેશન સંપત્તિનો માલિકી હક નથી મળી જતો, ઓનરશિપ દ્વારા જ વ્યક્તિને સંપત્તિનો કબ્જો, તેનો ઉપયોગ કરવા કે ટ્રાન્સફર કરવાનો હક મળે છે. માલિકી માટે ટાઈટલ ડીડની પણ જરૂર પડે છે. સુપ્રીમ કોર્ટે આ ચુકાદામાં સંપત્તિના રજિસ્ટ્રેશન અને માલિકી વચ્ચેના અંતરની સ્પષ્ટતા કરી હતી. માત્ર રજિસ્ટ્રેશનથી જ માલિકી હક મળી જતો હોવાનો ભ્રમ ધરાવતા લોકો માટે સુપ્રિમનો આ ચુકાદો મહત્વપૂર્ણ માનવામાં આવે છે.




## AMC અને AUDA એ નવા બાંધકામોને લગતી ફીમાં વધારો સૂચવ્યો

# અમદાવાદમાં સપનાનું ઘર લેવું હવે પડશે મોંઘુ..!!

અમદાવાદ : અમદાવાદના રહેવાસીઓ માટે હવે ઘર, મકાન કે ઓફિસ ખરીદવી મોંઘી બનશે. અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (AUDA) એ ૪૦ વર્ષમાં પહેલી વાર જમીન અને બાંધકામ પર વિકાસ ફી વધારવાનો નિર્ણય લીધો છે. આજે મંગળવારે મળેલી AUDA બોર્ડની બેઠકમાં રહેણાંક, બિન-રહેણાંક અને અન્ય હેતુઓ માટે જમીન અને બાંધકામ પર વિકાસ ફીમાં ૧૦ ગણો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને પ્રસ્તાવિત વધારા સાથે રાજ્ય સરકારને દરખાસ્ત મોકલવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા દરખાસ્તને મંજૂરી મળતાં, નવી વિકાસ ફી અમદાવાદ શહેરમાં થઈ રહેલા તમામ બાંધકામો પર લાગુ થશે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ હેઠળ આવતા વિસ્તારમાં જયારે કોઈપણ બિલ્ડર કે ડેવલપર દ્વારા બાંધકામ યોજના મંજુર કરવા માટે મુકશે તેમાં ડેવલપમેન્ટ ચાર્જ ભરવાનો આવતો હોય છે. જેમાં ૧૦ ગણો વધારો કરી હવેથી પ્રતિ ચોરસ મીટર લેખે ૨૫ રૂપિયાથી લઈને ૭૫ રૂપિયા સુધીનો ભાવ નક્કી કરવામાં આવ્યો છે. જમીન અને બાંધકામ બંને માટે અલગ અલગ દર નક્કી કરવામાં આવ્યા છે. અત્યાર સુધી પ્રતિ ચોરસ મીટર લેખે ૪થી લઈને ૧૫ રૂપિયા સુધીનો ચાર્જ લેવામાં આવતો હતો. જેમાં ૧૦ ગણો જેટલો વધારો કરવામાં આવ્યો છે. ૪૦ વર્ષથી વધુ સમય બાદ આ ડેવલોપમેન્ટ ચાર્જમાં વધારો કરવામાં આવ્યો છે.

જો ડેવલપમેન્ટ ચાર્જ વધશે તો બિલ્ડિંગ પ્રોજેક્ટ્સ મોંઘા થશે. જેના કારણે પ્રોપર્ટીના ભાવ વધશે. AUDA દ્વારા ડેવલપમેન્ટ ચાર્જ વધારવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જે સમગ્ર અમદાવાદ શહેરમાં લાગુ થશે. આગામી દિવસોમાં જંત્રી દર વધારવાનો નિર્ણય લેવામાં આવશે અને જો રાજ્ય સરકાર AUDA દ્વારા ડેવલપમેન્ટ ચાર્જ પણ વધારશે તો પ્રોપર્ટીના ભાવ ઘણા વધી જશે. અમદાવાદ શહેરની આસપાસના બિલ્ડિંગ પ્રોજેક્ટ્સ અને જમીનના ભાવ વધશે. જેના કારણે લોકોનું ઘર ખરીદવાનું સ્વપ્ન પણ ચકનાચૂર થઈ જશે. અગાઉ, સાત વર્ષ પહેલાં, AUDA દ્વારા ડેવલપમેન્ટ ચાર્જ વધારવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો, પરંતુ રાજ્ય સરકારે કોઈ નિર્ણય લીધો ન હતો.

# શહેરને સ્વચ્છ રાખવા માટે સોલિડ વેસ્ટ ખાતાની કામગીરીથી કમિશનરને અસંતોષ

અમદાવાદ : શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા માટે મ્યુનિ. દ્વારા દર વર્ષે કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે પરંતુ સોલિડ વેસ્ટ ખાતાની ઝોનલ કામગીરીથી મ્યુનિ. કમિશનરને અસંતોષ છે અને તેના પગલે તેમણે ડે.ડાયરેકટરોની કામગીરી ઉપર નજર રાખવાની સૂચના ડે.કમિશનરોને આપી હોવાનું જાણવા મળ્યું છે. મ્યુનિ. સૂત્રોના જણાવ્યા અનુસાર સોલિડ વેસ્ટ ખાતાની કામગીરીને અસરકારક બનાવવા દરેક ઝોનમાં ડે.ડાયરેકટરોએ જ તેમના હાથ નીચેના સ્ટાફ પાસેથી રોડ, ફૂટપાથ, સેન્ટ્રલ વર્જ વગેરે ઉપર કોઈ કચરો ના નાંખી જાય અને કચરો હોય તો ઉપડાવી લેવા સહિતની કામગીરી કરાવવાની હોય છે. તેમજ રોડ-ફૂટપાથ ઉપર કોમર્શિયલ એકમો કચરો ના નાંખે તે માટે સોલિડ વેસ્ટ ખાતાની સ્કવોડ પણ બનાવવામાં આવી છે પરંતુ અમુક ઝોનમાં આ સ્કવોડ પણ વેપારીઓનો તોડ કરવામાં જ રસ ધરાવતી હોવાના આક્ષેપો થાય છે. વેપારીઓ અને નાના મોટા ધંધાર્થીઓને દંડ કરવાના મામલે અમુક ઝોનની સ્કવોડની કામગીરી શંકાસ્પો જણાતા કમિશનરે એક જ યુનિટ પાસેથી વધુ દંડની રકમ લેવાને બદલે વધુમાં વધુ યુનિટ પાસેથી દંડ વસૂલ થાય તેવી કામગીરી કરવાની સૂચના આપી હતી તેમજ જયાં ત્યાં સીલ મારી વહીવટ પાર પાડતી સોલિડ વેસ્ટની સ્કવોડ ઉપર અંકુશ લાદતાં કમિશનરે જ્યાં ગંદકી ના કેસ રિપિટ થાય ત્યાં જ સીલ મારવાની તાકીદ કરી હતી. પૂર્વ ઝોન, દક્ષિણ પશ્ચિમ અને મધ્ય ઝોન સોલિડ વેસ્ટ સ્કવોડની પેનલ્ટીની કાર્યવાહી કમિશનરને માફક આવી નહોતી. તેથી જ તેમણે તમામ ઝોનના ડે.ડાયરેકટરોની કામગીરી ચેક કરવાની સૂચના આપી હતી. એટલું જ નહીં શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉત્પાદન, વેચાણ અને વપરાશને રોકવા માટે કડક પગલાં લેવાની સૂચના આપતા કમિશનરે ખાસ કરીને જુદા જુદા શાક માર્કેટમાં પ્લાસ્ટિકની થેલીઓની જગ્યાએ કાપડની થેલી આપવાનું આયોજન કરવાની સૂચના આપી હતી. દરમિયાનમાં સોલિડ વેસ્ટ ખાતાએ સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪માં વધુ માર્ક મેળવવા માટે શહેરની સોસાયટીઓ વચ્ચે ગ્રીન સ્વચ્છ સોસાયટી લીગ સ્પર્ધાનું આયોજન કર્યું હતું જેમાં ૬૧૦૦થી વધુ સોસાયટીઓએ ભાગ લીધો હતો તેથી ચાલુ નાણાંકીય વર્ષમાં પણ સ્વચ્છતા બાબતે નાગરિકોની ભાગીદારી વધારવા સોસાયટીઓ વચ્ચેની સ્પર્ધાને ચાલુ રાખવા માટે અને કચરાને રિડયુસ, રિયુઝ અને રિસાયકલ કરવાનું પ્રમાણ વધે તેવા હેતુથી ગ્રીન સ્વચ્છ સોસાયટી લીગ ૨.૦નું આયોજન કરવા અને તેના માટે ૧૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તેમ સોલિડ વેસ્ટ ખાતાના સૂત્રોએ જણાવ્યું હતું.

## અમદાવાદ વિમાન દુર્ઘટના:

# UAEમાં ભારતીય મૂળના ડોક્ટરની દરિયાદિલી, આ લોકોને ૧-૧ કરોડ આપવાની કરી જાહેરાત

અમદાવાદ : અમદાવાદમાં ૧૨ જૂને એર ઇન્ડિયાના વિમાન ક્રેશની ઘટનામાં ૨૭૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આમાં ૨૪૧ મુસાફરો અને એર ઇન્ડિયાના ક્રૂ મેમ્બર્સનો સમાવેશ થાય છે, આ ઉપરાંત વિમાન ક્રેશમાં ૪ MBBS વિદ્યાર્થીઓ અને મ્ત્ન મેડિકલ કોલેજના એક ડોક્ટરનું પણ મોત થયું હતું. હવે છઈ માં રહેતા ભારતીય મૂળના ડૉ. શમશીર વાયલીલે ઉદારતા દર્શાવી છે અને એર ઈન્ડિયા ક્રેશમાં માર્યા ગયેલા વિદ્યાર્થીઓ અને ડોક્ટરને ૧ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત, તેમણે ઘાયલોને મદદ કરવાની પણ જાહેરાત કરી છે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, વિમાનમાં સવાર ૨૪૨ લોકોમાંથી ફક્ત એક જ વ્યક્તિ આ દુર્ઘટનામાં બચી ગયો હતો. જ્યારે પાંચ MBBS વિદ્યાર્થીઓ સહિત ૨૯ અન્ય લોકોનું પણ અકસ્માત સ્થળે જ મોત નીપજ્યું હતું. UAEની રાજધાની અબુ ધાબી તરફથી રાહત સહાયની જાહેરાત કરતા બુર્જિલ હોલ્ડિંગ્સના સ્થાપક અને ચેરમેન અને ફૅજી હેલ્થના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. શમશીરે કહ્યું કે અકસ્માત પછીની પરિસ્થિતિ જોઈને તેઓ ચોંકી ગયા છે.ડૉ. શમશીરના રાહત પેકેજમાં ચાર મૃતક વિદ્યાર્થીઓના પરિવારજનો માટે પ્રત્યેકને રૂપિયા ૧ કરોડ, ગંભીર રીતે ઘાયલ પાંચ વિદ્યાર્થીઓ માટે પ્રત્યેકને રૂપિયા ૨૦ લાખ અને પોતાના પ્રિયજનો ગુમાવનારા ડૉક્ટરોના પરિવારજનો માટે પ્રત્યેકને રૂપિયા ૨૦ લાખની સહાયનો સમાવેશ થાય છે.

આ સહાય કોલેજ ખાતે જુનિયર ડૉક્ટર્સ એસોસિએશન સાથે સંકલનમાં આપવામાં આવશે. ૨૦૧૦માં મેંગલુરુ વિમાન દુર્ઘટના પછી, ડૉ. શમશીરે અસરગ્રસ્ત પરિવારોને સહાય પૂરી પાડી હતી અને આરોગ્યસંભાળ પ્રદાતા બુર્જિલ હોલ્ડિંગ્સમાં રોજગારની તકો પૂરી પાડી હતી. ડૉ. શમશીર વ્યવસાયે રેડિયોલોજસ્ટ અને વેપારી છે. તેમને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી તરફથી પ્રવાસી ભારતીય સન્માન પ્રાપ્ત થયેલું છે.




**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**

Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.